# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

સત્યમેવ જયતે

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : bhavdeo@gmail.com, Blog: http://deobhav.blogspot.com/

150 YEARS OF CELEBRATING THE MAHATMA

ક્રમાંક: યોજના/પરચ/૨૦૧૯-૨૦/૪ તા.૧૫/૦૧/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી
સરકારી/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
જિ.ભાવનગર

વિષય : રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૨૦ ની ઉજવણી કરવા બાબત
સંદર્ભ : (૧) કમિશનરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્રાંક :
ઘ/માધ્ય/પરચ/૨૦૨૦/૩૭૦-૪૦૩ તા.૦૬/૦૧/૨૦૨૦
(૨) ઑફીસ ઑફ ડિસ્ટ્રીક્ટ ઇલેકશન ઓફીસર, કલેક્ટર કચેરી, ભાવનગરનાં પત્રાંક
ચૂંટણી/વશી/૫૮/૨૦૨૦, તા.૦૭/૦૧/૨૦૨૦

ઉપરોક્ત વિષયે સંદર્ભદર્શીત પત્ર મુજબ ચુંટણી પંચ, નવી દિલ્હીની સ્થાપનાના દિવસની કેન્દ્ર સરકાર દ્વારા "રાષ્ટ્રીય મતદાતા દિવસ" તરીકે જાહેર કરવામાં આવેલ છે. દર વર્ષે **૨૫મી જાન્યુઆરીના** રોજ રાજ્ય કક્ષાએથી લઇ મતદાન મથક સુધી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આગામી રાષ્ટ્રીય મતદાતા દિવસ સંદર્ભે ચૂંટણી પંચ દ્વારા **"Electoral Literacy for Stronger Democracy"** થીમ નક્કી કરવામાં આવેલ છે. ઉજવણીના ભાગરૂપે દરેક શાળાઓમાં આ સાથે સામેલ પ્રતિજ્ઞા પત્ર મુજબ સમૂહમાં વાંચીને પ્રતિજ્ઞા લેવા તેમજ રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૨૦ ની ઉજવણી કરવા આથી જણાવવામાં આવે છે.

રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૨૦ ની ઉજવણી અંગેનો સ્પષ્ટ ફોટોગ્રાફ સાથેનો અહેવાલ અત્રેની કચેરીને મોકલી આપવાનો રહેશે. (Email: **yojana.deobhav@gmail.com** પર મેલ કરી હાર્ડકોપી અત્રેની શાખાને નિયત સમય મર્યાદામાં મોકલવાની રહેશે).

બિડાણ- સંદર્ભદર્શિત પત્રની નકલ

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

**નકલ રવાના અમલવારી સારૂ:**
શિ.ની.શ્રી/મ.શિ.ની.શ્રી- સદર કચેરી

Scanned by CamScanner

ક્માંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૦/૯૫૪-૨૪૯
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ~~૦૮~~ ૧૩/૦૧/૨૦૨૦

પ્રતિ.

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ- રાષ્ટ્રીય મતદાતા દિન- ૨૦૨૦ ની ઉજવણી કરવા બાબત
સંદર્ભઃ- શિક્ષણ વિભાગનો પત્ર ક્રમાંકઃ- પરચ-૧૨૨૦૧૯/વ.૨ તા.૦૪/૦૧/૨૦૨૦

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, સામાન્ય વહિવટ વિભાગના તા.૧૬/૧૨/૨૦૧૯ ના પત્ર અન્વયે ચૂંટણી પંચ, નવી દિલ્હીની સ્થાપનાના દિવસને કેન્દ્ર સરકાર દ્વારા ''રાષ્ટ્રીય મતદાતા દિવસ'' તરીકે જાહેર કરવામાં આવેલ છે. દર વર્ષે ૨૫મી જાન્યુઆરીના રોજ રાજય કક્ષાએથી લઇ મતદાન મથક સુધી આ દિવસીની ઉજવણી કરવામાં આવે છે. તા. ૨૫/૦૧/૨૦૨૦ ના રોજ રાષ્ટ્રીય મતદાતા દિન- ૨૦૨૦ ની ઉજવણી કરવામાં આવનાર છે. આગામી રાષ્ટ્રીય મતદાતા દિવસ સંદર્ભે ચૂંટણી પંચ દ્વારા ""Electoral Literacy for Stronger Democracy"" થીમ નકકી કરવામાં આવેલ છે. ઉજવણીના ભાગરૂપે ભારતના ચૂંટણી પંચે એક પ્રતિજ્ઞા પત્ર નિયત કર્યુ છે. જે રાષ્ટ્રીય મતદાતા દિનની ઉજવણીના સમારંભમાં ઉપસ્થિત તમામ વ્યકિતઓએ સમૂહમાં વાંચીને પ્રતિજ્ઞા લેવાની રહે છે. તા.૨૫/૦૧/૨૦૨૦ ના રોજ રાજયની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં આ પ્રતિજ્ઞા વાંચન કરવામાં આવે તે મુજબની વ્યવસ્થા કરવા જણાવેલ છે. આ ઉજવણીના ભાગરૂપે વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા આ પ્રતિજ્ઞા લેવામાં આવે તથા પ્રતિજ્ઞા વિશે સમજ આપવામાં આવે. પ્રતિજ્ઞાપત્રની અંગ્રેજી અને ગુજરાતી નકલ આ સાથે સામેલ છે. તથા આ પ્રતિજ્ઞા પત્ર તમામ શાળાઓમાં જાહેર નોટિસ બોર્ડ પર કાયમી ધોરણે રાખવા જણાવેલ છે. તા.૨૫/૦૧/૨૦૨૦ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે વિદ્યાર્થીઓ આ પ્રતિજ્ઞા લેવા જણાવેલ છે. ઉકત સામાન્ય વહિવટ વિભાગના તા.૧૬/૧૨/૨૦૧૯ ના પત્રને ધ્યાને લઇ આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓને આ અંગે જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણઃ- ઉપર મુજબ

સંયુકત શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર

નકલ સવિનય રવાનાઃ-
- શ્રી બી.વી.રાઠવા, ઉપ સચિવશ્રી, વ.૨ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

Scanned by CamScanner
Scanned by CamScanner

ક્રમાંક: ઇએલસી-૧૦૨૦૧૯-૧૭૮૦-છ (SVE)

सत्यमेव जयते

**Dr. S. Murali Krishna**, IAS
Chief Electoral Officer &
Ex-Officio Secretary,
Gujarat State

General Administration Department
Block No. 7, Floor 2,
Sardar Bhavan,
Gandhinagar-382 010

તારીખ: ૧૬-૧૨-૨૦૧૯

20 DEC 2019

સુશ્રી, Respected Madam,

ચૂંટણી પંચ, નવી દિલ્હીની સ્થાપનાના દિવસને કેન્દ્ર સરકાર દ્વારા "રાષ્ટ્રીય મતદાતા દિવસ" તરીકે જાહેર કરવામાં આવેલ છે. દર વરસે ૨૫મી જાન્યુઆરીના રોજ રાજ્ય કક્ષાએથી લઈ મતદાન મથક સુધી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. તદનુસાર રાષ્ટ્રીય મતદાતા દિન-૨૦૨૦ ની ઉજવણી તા.૨૫-૦૧-૨૦૨૦ ના રોજ કરવામાં આવનાર છે.આગામી રાષ્ટ્રીય મતદાતા દિવસ સંદર્ભે ચૂંટણી પંચ દ્વારા "Electoral Literacy for Stronger Democracy" થીમ નક્કી કરવામાં આવેલ છે. ઉજવણીના ભાગરૂપે ભારતના ચૂંટણી પંચે એક પ્રતિજ્ઞા પત્ર નિયત કર્યુ છે જે રાષ્ટ્રીય મતદાતા દિનની ઉજવણીના સમારંભમાં ઉપસ્થિત તમામ વ્યક્તિઓએ સમૂહમાં વાંચીને પ્રતિજ્ઞા લેવાની રહે છે. આગામી રાષ્ટ્રીય મતદાતા દિનની ઉજવણી તા.૨૫/૦૧/૨૦૨૦ ના રોજ કરવામાં આવનાર છે. ચૂંટણી પંચ, નવી દિલ્હીની સુચના અનુસાર રાજયની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં આ પ્રતિજ્ઞા વાંચન તારીખ : ૨૫-૦૧-૨૦૨૦ના રોજ કરવામાં આવે તે મુજબની વ્યવસ્થા કરવાની રહે છે. આ ઉજવણીના ભાગરૂપ વિદ્યાર્થીઓને શિક્ષકો / પ્રાધ્યાપકો દ્વારા આ પ્રતિજ્ઞા વિશે સમજ આપવામાં આવે અને તદ્નુસાર પ્રતિજ્ઞા લેવામાં આવે તે મુજબ આયોજન કરવાનું રહેશે. પ્રતિજ્ઞા પત્રની અંગ્રેજી અને ગુજરાતી નકલ આ સાથે સામેલ રાખેલ છે જે તમામ શાળાઓમાં પરિપત્રિત કરાવી તારીખ : ૨૫-૦૧-૨૦૨૦ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે વિદ્યાર્થીઓ આ પ્રતિજ્ઞા લે તે પ્રમાણે વ્યવસ્થા કરાવશો તો આભારી થઈશ.

૨. આ પ્રતિજ્ઞા પત્ર આપના વિભાગમાં તથા આપના વિભાગ હસ્તકની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં જાહેર નોટિસ બોર્ડ પર કાયમી ધોરણે રાખવામાં આવે તેવી વ્યવસ્થા કરવા વિનંતી છે.

PS (Edu)

આપનો સ્નેહાધિન

(ડૉ.એસ.મુરલી ક્રિષ્ણા)

Sent IED

પ્રતિ,
સુશ્રી અંજુ શર્મા IAS
અગ્ર સચિવશ્રી (ઉચ્ચ અને તકનિકી શિક્ષણ)
શિક્ષણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.

079-23250318,079-23250316 (O), 079-23250317 (Fax) E-mail : ceo_gujarat@eci.gov.in, Website : ceo.gujarat.gov.in



Scanned by CamScanner

# મતદારોએ લેવાની પ્રતિજ્ઞા

અમે, ભારતના નાગરિકો, લોકશાહી તંત્રમાં શ્રધ્ધા રાખીને આથી પ્રતિજ્ઞા લઈએ છીએ કે અમે અમારા દેશની લોકતાંત્રિક પરંપરાઓની અને મુક્ત, ન્યાયી તેમજ શાંતિપૂર્ણ ચૂંટણીઓની ગરીમા જાળવીશું તેમજ દરેક ચૂંટણીમાં નિર્ભયતાપૂર્વક અને ધર્મ, વંશ, જ્ઞાતિ, જાતિ, ભાષા કે અન્ય કોઈપણ પ્રકારના પ્રલોભનથી પ્રભાવિત થયા સિવાય મતદાન કરીશું.

Scanned by CamScanner

# <u>Voters' Pledge</u>

"We, the citizens of India, having abiding faith in democracy, hereby pledge to uphold the democratic traditions of our country and the dignity of free, fair and peaceful elections, and to vote in every election fearlessly and without being influenced by considerations of religion, race, caste, community, language or any inducement".

Scanned by CamScanner